# વડા પ્રધાનને ઓર્ડર ઓફ ધ ડ્રુક ગ્યાલ્પોથી સન્માનિત કરવામાં આવ્યા

22 માર્ચ, 2024

વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને થિમ્પુના ટેન્ડ્રેલથાંગ ખાતે એક જાહેર સમારંભમાં ભૂટાનના રાજા મહામહિમ દ્વારા ભૂટાનનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર, ઓર્ડર ઓફ ધ ડ્રુક ગ્યાલ્પો એનાયત કરવામાં આવ્યો હતો. ભૂટાન માટે વડા પ્રધાન મોદી પ્રથમ વિદેશી નેતા છે જેમને આ પ્રતિષ્ઠિત એવોર્ડ આપવામાં આવ્યો છે.

2. ભૂટાનના મહામહિમ રાજાએ ડિસેમ્બર 2021માં તાશિછોડઝોંગ, થિમ્પુ ખાતે આયોજિત ભૂટાનના 114મા રાષ્ટ્રીય દિવસની ઉજવણી દરમિયાન આ પુરસ્કાર આપવાની જાહેરાત કરી હતી. આ પુરસ્કાર ભારત-ભૂટાન મિત્રતા અને તેમના લોકો કેન્દ્રિત નેતૃત્વને મજબૂત કરવામાં વડા પ્રધાન મોદીના યોગદાનની પ્રશંસા છે. પ્રશસ્તિપત્રમાં ઉમરવામાં આવ્યું હતું કે આ પુરસ્કાર તેમના નેતૃત્વમાં વૈશ્વિક શક્તિ તરીકે ભારતના ઉદયને પણ સન્માનિત કરે છે અને ભારત સાથે ભૂટાનના વિશેષ સંબંધોની ઉજવણી કરે છે. વડા પ્રધાન મોદીના નેતૃત્વએ ભારતને પરિવર્તનના માર્ગ પર મૂક્યું છે અને ભારતની નૈતિક સત્તા અને વૈશ્વિક પ્રભાવ વધ્યો છે.

3. વડા પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે આ પુરસ્કાર ભારતના 1.4 અબજ લોકો માટે આપવામાં આવેલ સન્માન છે અને બંને દેશો વચ્ચેના વિશિષ્ટ અને અનન્ય સંબંધોનું પ્રમાણપત્ર છે.

4. સ્થાપિત રેન્કિંગ અને અગ્રતા મુજબ, ઓર્ડર ઓફ ધ ડ્રુક ગ્યાલ્પોની શરૂઆત જીવનભરની સિદ્ધિઓની કદર તરીકે કરવામાં આવી હતી અને તે ભૂટાનમાં આપવામાં આવતા તમામ ઓર્ડર, પ્રશસ્તિ અને મેડલની અગ્રતામાં સન્માન પ્રણાલીનું શિખર છે.

**થિમ્ફૂ**
**22 માર્ચ, 2024**